આરબીઆઇ / 2006-2007 / 299
ડીબીઓડી.ડીઆઇઆર.બીસી. 70/13.01.01/2006-2007

માર્ચ 30, 2007

બધી કમર્શીયલ બેંકો
(આરબીઆઇ સિવાય)

માનનીય સાહેબ,

***સૌથી નજીકના રૂપિયા સુધી ચેકનું રાઉન્ડીંગ ઓફ***

જુલાઇ 1, 2006 ના અમારા માસ્ટર સરકયુકલ ડીબીઓડી.ડીઆઇઆર.બસી. 6/13.03.00/2006-07 ના ફકરા 19 ને ચકાસવો, જે ઇન્ટરેસ્ટ રેટસ ઓન ડીપોઝીટસ પર છે, જેના મુજબ બેંકોને સલાહ અપાઇ હતી કે ડીપોઝીટ પર ઇન્ટરેસ્ટ / એડવાન્સીઝ પર વ્યાજના ચાર્જીગની ચૂકવણી સહિત બધા ટ્રાન્ઝેકશન્સ સૌથી નજીકના રૂપિયા સુધી રાઉન્ડ ઓફ થવા જોઇએ, એટલે કે 50 પૈસા અને તેથી વધુના ફ્રેકશન તેના પછીના ઊંચા રૂપિયા સુધી રાઉન્ડ ઓફ થશે અને 50 પૈસાથી ઓછાનું ફ્રેકશન અવગણાશે એ પણ સલાહ અપાયેલી કે એક રબિયાના ફ્રેકશન ધરાવતા કલાયેન્ટસના ઇશ્યુ થયેલા ચેક રીજેકટ કે ડીસઓનર ન થવા જોઇએ.

2. અમે સલાહ આપીએ છીએ કે તાજેતરમાં ગવર્નમેન્ટ અકાઉન્ટની ક્રેડીટ પર કલેકશન માટે થયેલ એક રપિયાના ફ્રેકશનમાં લીધેલ ડ્રાફ્ટ સ્વીકારવા બેંકની રીફ્યુઝલનો કેસ ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ સમક્ષ આવેલો. હકીકતને ગંભીરતાપૂર્વક લઇને ગુજરા હાઇકોર્ટે રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાને સૂચિત કર્યું છે કે ઉપરના ફકરા 1માં સૂચવ્યા મુજની એકસ્ટન્ટ સૂચનાઓના પ્રકાશમા, કાયાદકીય રીતે આ બાબતે યોગ્ય પગલાં લેવા અને જો જરૂર જણાય તો બધી બેંકો જેમણે આવા ચેક રીસીવ નકરવાના ઇન્ટરનલ સરકયુલર ઇશ્યુકર્યા હોય તેમને ફ્રેશ / નોટીફીકેશન / નોટીસો ઇશ્યુ કરવી અને એ જોવું કે રૂપિયાના ફ્રેકશનમાં મેળવાયેલ ચેક / ડ્રાફ્ટ મેળવવાની ના પાડતા હોય તેવા વ્યકિતો સામે કડક પગલાં લેવાય. બેંકોને રૂપિયાના ફ્રેકશન ધરાવતા બેંકે ઇશ્યુ કરેલ ચેક / ડ્રાફ્ટ તેમના દ્વારા રીજેકટ કેડીસઓનર ન થાય એની ખાતરી કરવાની સલાહ અપાય છે. ઇન્ટરનલ સરકયુલર વગેરેના ઇશ્યુ દ્વારા સહિત તેમના દ્વારા આ બાબતે અનુસરાતી પ્રકટીસ બેંકો રીવ્યૂ કરી શકે અને જરૂરી પગલાં લઇ શકે એ ખાતરી કરવા કે આ સૂચનાઓથી લાગતો વળગતો સ્ટાફ સુપેરે માહિતીગાર છે અને જેથી કરીને જાહેર જનતાને સહન ન કરવું પડે. બેંકે એ પણ ખાતરી કરી શકે કે રૂપિયાના ફ્રેકશન વાળા ચેક / ડ્રાફ્ટ સ્વીકારવાની ના પાડી હોય તેવા તેમના સ્ટાફ મેમ્બર સામે યોગ્ય પગલા લેવાય છે.

3. મહેરબાની કરીને નોંધવું કે ઉપર જણાવેલ સૂચનાઓનો ભંગ કરતી કોઇપણ બેંક બેંકીંગ રેગ્યુલેશન એકટ, 1949 ની જોગવાઇ હેઠળ પેનલાઇઝ થવા પાત્ર છે.

આપનો વિશ્વાસુ,

(પી વિજય ભાસ્કર)
ચીફ જનરલ મેનેજર